ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૫-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

# સરસ્વતીની ક્રૂર મજાક સામે સર્વોચ્ચ અદાલત લાલઘૂમ

અબજો રૂપિયાનું દેવું કરીને દેશ અને દુનિયામાં પ્રસિદ્ધિના ધખારા જોગવતી ગુજરાત સરકારને એની વિદ્યાસહાયક બ્રાન્ડ શિક્ષણ નીતિના મુદ્દે દેશની સર્વોચ્ચ અદાલતે કડક ભાષામાં ઠપકો આપ્યો છે. ગુણવત્તાનાં યોગ્ય ધારાધોરણોને અનુસરીને નિમણૂક અપાતી હોય તો પણ એક શિક્ષકને અઢી- ત્રણ હજાર રૂપિયા પગારમાં રાખવો એ તો નર્યું ઘાતકી કૃત્ય જ લેખાવું જોઈએ. બંગલાઓમાં વાસણ- કપડાં કરનારા અભણ રામાઓ અને ખેતમજૂરી કરનારા ગામડાના મજૂર જેટલું પણ વેતન ન આપી એક સુશિક્ષિત યુવક કે યુવતી પાસે આઠ કલાકનો ઢસરડો કરાવી સરકાર કેવું શિક્ષણ આપવા માગે છે? સુપ્રીમ કોર્ટે નિરીક્ષણ કરતાં આવા શિક્ષકોને 'વિદ્યાસહાયક' નહીં પણ 'વિદ્યા શત્રુ' કહ્યા છે.

શિક્ષણથી પવિત્ર કોઈ વ્યવસાય ન હોઈ શકે. સરકાર એના વહીવટી ખર્ચ અને વીઆઈપી સુરક્ષા તથા પ્રચાર-પ્રસિદ્ધિ પાછળ પાણીની જેમ પૈસા ઉડાવતી ફરે છે, રોજ રોજ અવનવા મેળા અને ઉત્સવોનું આયોજન થતું રહે છે જેમાં શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવાં તિકડમ પાછળ પણ બેફામ ખર્ચ થતો રહે છે. પરંતુ બાળકોને માણસ બનાવવાની જવાબદારી જેના શિરે છે તેવા શિક્ષકને તો સરકારે પટાવાળા કરતાં પણ ઓછા વેતનથી રોકી લેવાની નીતિ ઘડી કાઢીને શિક્ષણનો સત્યાનાશ જ વાળી દીધો છે. જ્યાં સુધી આ વાત શિક્ષણક્ષેત્રે પ્રવૃત્ત વિદ્યાસહાયકો કે એમનાં પરિવારજનો રજૂ કરતાં રહ્યા ત્યાં સુધી સરકારે એમની રજૂઆત કાને ધરવાની તસદી નહોતી લીધી. વિરોધ પક્ષે આ મુદ્દાને એમના ચૂંટણી ઢંઢેરામાં પણ સમાવ્યો હતો. છતાં લાચાર શિક્ષક જીવ છાતી કાઢીને સરકારની સામે મેદાને પડવાની હિંમત નહોતો દાખવી શકયો. પરંતુ કોઈપણ અન્યાય વિરુદ્ધ આ દેશની અદાલતો સાચી બાબતને ઉજાગર કરતી રહી છે, એ મુજબ ગુજરાત સરકાર વિરુદ્ધ વિદ્યાસહાયકોની નિમણૂક મુદ્દે કરવામાં આવેલ જાહેર હિતની અરજી સબબ ગુજરાત હાઈકોર્ટ ગુજરાત સરકારની કડક ઝાટકણી કાઢી હતી અને નિમણૂકના પહેલા દિવસથી પૂરો પગાર આપવાનો હુકમ કર્યો હતો. ગુજરાત સરકાર હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ અપીલમાં ગઈ ત્યાં પણ એને નામોશી ભર્યો ઠપકો સાંભળવો પડ્યો છે. જસ્ટિસ બી.એસ. ચૌહાણ અને દીપક મિશ્રાની બેન્ચે વિદ્યાસહાયકોની નિમણૂકની પદ્ધતિ સામે સખત વાંધો લીધો છે. દેશમાં શિક્ષણના અધિકારનો કાયદો (રાઈટ ટુ એજ્યુકેશન) અમલી બન્યા પછી આવી ઍડહોક વ્યવસ્થા ગુજરાતમાં ચાલતી હોય કે ઉત્તર પ્રદેશમાં : એ ચલાવી લઈ શકાય નહીં. અદાલતે ભારપૂર્વક ઉમેર્યું છે કે અમને શિક્ષણની ગુણવત્તાની ચિંતા છે. શાળામાં અપાતા શિક્ષણ અંગે અમે ખૂબ જ ગંભીર છીએ.ગુજરાતમાં હજારો વિદ્યાસહાયક શિક્ષકો પાંચ વર્ષ પછી પૂરો પગાર મળશે એવી આશામાં એમનાં સોનેરી વર્ષો મજૂર કરતાં પણ ઓછું વળતર લઈ વેડફી રહ્યાં છે. એથી એમનું મનોબળ તૂટે છે, તેઓ ઘર ચલાવવા માટે કોઈ સાઈડ ઈન્કમનું સ્રોત શોધાત ફરે છે અને મજબૂરીથી, જવા ખાતર શાળાએ જાય છે. એક તરફ છઠ્ઠા પગાર પંચ હેઠળ ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા અધ્યાપકોને દિવસનો અઢી હજારથ વધારે પગાર મળતો હોય ત્યારે કુમળાં બાળકોને વિદ્યા ભણાવતા શિક્ષકને સાવ નજીવો પગાર ચૂકવી 'વેઠિયો મજૂર' બનાવી દઈ સરસ્વતીની ક્રૂર મજાક ઉડાવાતી રહી છે. આખરે સર્વોચ્ચ અદાલતે દાખવેલા કડક વલણ પછી પણ કહેવાતી લોકપ્રિય સરકારની આંખો ઊઘડશે એવી આશા અસ્તાને નથી.

## જૈવિક વિવિધતા દિન નિમિત્તે

# બાયોટેકનોલોજી અંગે વર્કશોપ યોજાયો

## તજજ્ઞોએ વિદ્યાર્થીઓને કેરીના ફળમાંથી ડી.એન.એ. કાઢીને બતાવ્યું


ગાંધીનગર, તા. ૨૨

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આજે આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે યોજાયેલા વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજીની જાણકારી આપવામાં આવી હતી. તજજ્ઞોએ કેરીના ફળમાંથી ડી.એન.એ. કાઢીને વિદ્યાર્થીઓને બતાવ્યું હતું.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર જિલ્લાનું વિજ્ઞાન કેન્દ્ર છે. આ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તેમજ તેમનામાં વૈજ્ઞાનિક વલણ વિકસે તે હેતુથી સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ વિજ્ઞાનલક્ષી દિનોની ઉજવણી પણ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ૨૨મી મે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવાય છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા પણ વિદ્યાર્થીઓ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.







ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓ માટે બાયોટેકનોલોજીની જાણકારી તેમજ સમજણ માટે વર્કશોપનું આયોજન કરવામાં આયું હતું. જેમાં વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ બાયોટેકનોલોજીનો વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં કઈ રીતે ઉપયોગ થઈ શકે તેની સમજણ આપવામાં આવી હતી. જી.એ.બી.ટી.એમ. દ્વારા સાયન્સ સેન્ટર ખાતે તૈયાર કરવામાં આવેલ બાયો એ કોર્ન મ્યુઝિયમની મુલાકાત પણ વિદ્યાર્થીઓએ લીધી હતી. વિદ્યાર્થીઓને કેરીના ફળમાં રહેલ ડી.એન.એ. પણ કાઢીને બતાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજીની સમજણ આપતી વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી. આ વર્કશોપમાં ડૉ. માધવી જોષ (સેક્ટર સ્પેશ્યલીટ) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત ડૉ. સુમીત વ્યાસ તેમજ મિલોની શાહ ઉપસ્થિત રહ્યા હતા.



સીમ્પલી... આ છેલ્લો બોલ. હવે નથી રમવું... બુકીનું ન માનું તો ભડાકે દે અને માનું તો જેલ ભેગા...!!

# BBA, BCA, અને B.edની બેઠકો સંચાલકોને આપી દેવા હિલચાલ

ગુજ. યુનિવર્સિટી સાથે જોડાયેલી બીબીએ, બીસીએ, બી.એડની કોલેજોમાં કેન્દ્રિય ધોરણે થતી પ્રવેશ પદ્ધતી દૂર કરીને યુનિ. સત્તાધીશો દ્વારા ખાનગી કોલેજોને ફાયદો કરાવવાના આશયથી બેઠકો ખાનગી કોલેજોના સંચાલકોને ભરવા દેવા આપવાનો નિર્ણયની જોગવાઈ થઈ રહી છે. કોંગ્રેસ દ્વારા નિર્ણયનો વિરોધ કરી જુની પદ્ધતીથી પ્રવશ કાર્યવાહી ચાલુ રાખવા માંગણી કરી છે.

ગુજ. યુનિ.માં આ ઉલટી ગંગા વહેશે એટલે કે સામાન્ય રીતે જ્યારે સમગ્ર દેશમાં દરેક યુનિ.માં પ્રવેશ માટે પારદર્શક્તા જળવાઈ રહે તે હેતુથી કેન્દ્રિય પ્રવેશ પદ્ધતીથી પ્રવેશ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુજ. યુનિ.માં તેનાથી ઉલટી પ્રવેશ પ્રક્રિયા કરવાનો નિર્ણય થઈ રહ્યો છે. સૂત્રો મુજબ ગુજ. યુનિ.માં બીબીએની ૧૫, બીસીએની ૧૩ તથા બી.એડની ૮૯ કોલેજોમાં અત્યાર સુધી કેન્દ્રિય ધોરણે કાર્યવાહી થતી હતી. પરંતુ નવા આવેલા કુલપતી આદેશપાલ દ્વારા શિક્ષણ જગતનું નુકસાન થાય તેવા નિર્ણયો લેવાઈ રહ્યા છે. હવે એક નવો વિવાદાસ્પદ નિર્ણય યુનિ.ના સત્તાધીશો દ્વારા લેવામાં આવી રહ્યો છે.

બીબીએમાં ૧૫ કોલેજોની ૨૨૫૦ બેઠકો, બીસીએની ૧૩ કોલેજોની ૧૫૬૦ બેઠકો તેમજ બી. એડની ૮૯ કોલેજોની ૮૬૦૦ બેઠકો માટે કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ દ્વારા મેરિટના આધારે પારદર્શીક રીતે પ્રવેશ અપાતો હતો. મધ્યમ વર્ગના વાલી-વિદ્યાર્થીઓના સમય-નાણાંનો બચાવ થતો હતો. કુલપતી-સત્તાધીશો દ્વારા ખાનગી કોલેજોના સંચાલકોને તથા પોતાને લાભ થાય તે હેતુથી નિયમોમાં ફેરફાર કરીને ગેરવ્યવસ્થા ઉભી થાય તેવો નિર્ણય કરી બેઠકોને ભરવાની સત્તા કોલેજોના સંચાલકોને આપવામાં આવે તેવો નિર્ણય થઈ રહ્યો છે. નિર્ણયથી સંચાલકોને તગડા ડોનેશન લઈ શકે તેવો નિર્ણય હોવાથી ડૉ મનિષ દોશીએ હતું કે નિર્ણયને રોકવો જોઈએ અને વિદ્યાર્થીઓના હિતમાં કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ યથાવત રાખવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

## વિદ્યાર્થીઓના હિત માટે શિક્ષણ વિભાગનો નિર્ણય

# ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે પ્રેક્ટીકલના માર્ક્સ ગણાશે

## શિક્ષણ વિભાગના આ નિર્ણયથી રાજ્યના વધુ ૧૮,૦૦૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે

અમદાવાદ, તા. ૨૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ મેળવવા માટે ૪૫ ટકા જનરલ માટે જ્યારે ૪૦ ટકા અનામત કેટેગરીમાં જરૂરી હતા પરંતુ હવે રાજ્ય સરકારે કરેલા નવા નિર્ણય મુજબ ઈજનેરીમાં પ્રવેશ માટે થિયરીના માર્કની સાથે પ્રેક્ટીકલના માર્ક પણ ગણવામાં આવશે અને પ્રેક્ટીકલના માર્ક સાથે બંને મળીને ૪૫ ટકા હોય તો ઈજનેરીમાં પ્રવેશ માટે લાયક બનશે તેવી જાહેરાત રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદીએ કરી છે.

પ્રાપ્ત સૂત્રોના અનુસાર ધો.૧૨ પછી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે જનરલ કેટેગરીમાં ૪૫ ટકા એટલે કે કુલ ત્રણ વિષયોના ૧૦૦ માર્ક ગણીને ૩૦૦માંથી ૧૩૫ ગુણ હોય તે અને અનામત માટે ૩૦૦માંથી ૧૨૦ માર્ક હોય તો પ્રવેશ માટે લાયક બનતા હતા. આ પદ્ધતીમાં મહત્વનો સુધારો કરીને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. તે મુજબ ચાલુ વર્ષથી ઈજનેરીમાં પ્રવેશ માટે જે ૩૦૦ માર્ક ગણાતા હતા તે થિયરીના હતા પરંતુ હવે તેમાં પ્રેક્ટિકલના માર્ક પણ ગણવામાં આવશે.

સુત્રો મુજબ આ જો માત્ર થિયરીના માર્ક ગણીને પ્રવેશ આપવામાં આવે તો આશરે ૫૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તેમ હતો જ્યારે ચાલુ આ વર્ષથી પ્રેક્ટીકલના માર્ક ગણવાથી હવે વધારે ૧૮,૦૦૦ વિદ્યાર્થીઓ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ મેળવી શકશે. આજે રાજ્ય શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદીએ કરેલી જાહેરાત મુજબ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે હવે થિયરીના માર્કની સાથે પ્રેક્ટીકલના માર્ક પણ ગણવામાં આવશે.

સુત્રો મુજબ આ નિર્ણય પહેલા ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે ત્રણ વિષયના થિયરીના ૧૦૦ માર્ક ગણીને ૩૦૦ માર્કમાંતી ૧૩૫ ગુણ બિન અનામત માટે જ્યારે અનામત ૧૨૦ ગુણ હોવા જરૂરી હતા.

હવે નવા નિર્ણય મુજબ જે વિદ્યાર્થીને ત્રણ વિષયના ૩૦૦માંથી ૧૩૫ ન થતા હોય તેને પ્રેક્ટીકલના ૫૦+૫૦ ગણીને ૩૦૦+ ૧૦૦= ૪૦૦ ગુણમાંથી બિન અનામત માટે ૧૮૦ અને અનામત માટે ૧૬૦ ગુણ હોય તે પણ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ મેળવી શકશે એટલે કે ૪૫ ટકા જે વિદ્યાર્થીને હશે તે ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ મેળવી શકશે.

## લાલાકાકાને એમના સ્વભાવથી વિરૂદ્ધ સાવ શાંત 'મૌની બાબા' બની ગયેલા જોઇ ચોકઠા પરિષદની બેઠકમાં હાજર અમને સૌને આંચકો લાગ્યો...

**ગુરૂવારની ગપસપ**

**- પ્રકાશ લાલા**

હમણાં હમણાં અમારી ચોકઠા પરિષદની રાત્રી બેઠકમાં કાઠું કાઢ્યું છે.. ના... એમાં અમે ચોકઠા પરિષદના કાયમી સભ્યોએ કાંઈ વિશેષ મહેનત કરી નથી... આ તો 'સિઝન' નો પ્રતાપ છે... ઉનાળાની સખત ગરમીમાં ભઠ્ઠી જેવા થઈ ગયેલા ઘરમાં બેસીને બ્રેડની જેમ શેકાયા કરતાં ને પથારીમાં અડધી રાત સુધી પડખાં ઘસ્યા કરવા કરતાં ચોકઠા પરિષદમાં જઈને બેસવાથી 'ઑપન ઍર'માં ઠંડકના લાભ, સાથે 'સ્કીમ'માં એકની સાથે એક 'ફ્રી'ની જેમ જાત જાતની ને ભાતભાતની વાતો સાંભળવાનો લ્હાવો ય મળે... એ ન્યાય ઘણા બધા ત્યાં આવીને બેસવા લાગ્યા છે... ને એટલે જ અમારી રાત્રી બેઠક સમૃદ્ધ બની છે એમ કહી શકાય...

પણ ગઈ કાલે રાત્રે ચોકઠા પરિષદમાં ન માની શકાય એવી ઘટના ઘટી. બેઠકમાં આવેલા લાલાકાકા એમના સ્વભાવથી વિપરીત રીતે, ખાસ્સા સમય સુધી આશ્ચર્યકારક રીતે કે અમને બધાને આંચકો લાગે એ રીતે એકદમ 'મોની બાબા' બનીને બેસી રહ્યા હતા. અમને સૌને એમની તબિયત વિશે ચિંતા થવા લાગી... બધાના મનમાં એક જ પ્રશ્ન ઘૂમરાયા કરતો હતો કે રેડઅંકલનો 'મૂડ ઑફ' કેમ છે? છેવટે પંચાલભાઈએ, મોંમાંથી શબ્દોને બહાર આવવા જગ્યા કરી આપવા મોંમાંથી મસાલા રસની પિચકારી મારી પૂછ્યું : ''અંકલ, કેમ શાંત છોય?''

''તો શું હું બૂમબરાડા પાડું? અલ્યા પાન-મસાલા ખાઉં, ના... ના, હું કૂદકા મારૂં? ડાન્સ કરૂં?''

પોતાના અતિ સહાનુભતિભર્યા પ્રશ્નના ઉત્તરમાં રેડ અંકલના આવા એટેકથી પંચાલ જ નહીં, અમે બધા ડઘાઈ ગયા... પરિમાણે ચોકઠા પરિષદમાં ફરજિયાત બે મિનિટનું મૌન પળાયું...

પછી અમે કહ્યું : ''લાલાકાકા, પંચાલનો ઈરાદો એવો થોડો હતો? આ તો આજે તમે શાંત-ચૂપ બેઠા છો એટલે અમને બધાને તમારી તબિયતની ચિંતા થાય છે તે પંચાલે અમારા બધા વતી એમ પૂછવા માગતા હતા કે તમારી તબિયત તો બરાબર છે ને?''

''પનુભાઈ, મારી તબિયતને શું ઝાટકા વાગતા હતા હેં!''

''તો પછી તમે આજે સાવ મૌની બાબા કેમ બની બેઠા છો?'' અમે પૂછ્યું.

''યસ અંકલ, વોટ ઈઝ રોંગ વીથ યુ?... તમારા મૂડ ચાંગલા નહીં હૈ...'' કુલકર્ણીજી પણ બોલ્યા.

''તબિયતને કંઈ થયું નથી... આ તો હું જરા ડિપ્રેશનમાં આવી ગયો છું એટલે ચૂપ છું!!''

''હેં? લાલાકાકા, તમને ડિપ્રેશન?'' અમારાથી બોલાઈ ગયું.

''યે બાત કુછ હજમ નહીં હુઈ...'' પંચાલ બબડ્યા : ''ભલભલાને ડિપ્રેશન અને ટેન્શનમાં લાવી દેવાના ચેમ્પિયન રેડ અંકલ ડિપ્રેશનમાં આવી જાય..?''

એની વાત અંકલે સાંભળી નહીં એટલું સારૂં થયું... પણ અમને પંચાલની વાત સાવ સાચી લાગી. લાલાકાકાને ડિપ્રેશનની વાત માન્યામાં આવે તેવી ન્હોતી.

છેવટે હિંમત કરીને અમે પૂછી નાખ્યું : ''કાકા, કઈ વાતે તમે ડિપ્રેશનમાં સરી પડ્યા છો?''

''પનુભાઈ, આ રોજ રોજ - નીત નવાં કૌભાંડોના સમાચાર વાંચીને...''

''હં.. હં..'' અમે વચ્ચે જ બોલી ઊઠ્યા : ''ખાડે જઈ રહેલા દેશનાં વહીવટ અને રાજકારણની વાતોથી આવી જ જાય કે હે ભગવાન, આ બધું કયાં જઈને અટકશે?''

''ના... પનુભાઈ, ડિપ્રેશન મને એટલે આવ્યું છે કે આવા ન્યૂઝ જોઈ - સાંભળી - વાંચીને સતત થયા કરે છે કે હું ડફોળનો ડફોળ રહ્યો... આવું કશું કરતાં ના આવડ્યું ના - શીખ્યો!!''

''હેં?'' લાલાકાકાની વાત સાંભળી અમને આઘાત લાગ્યો.

''હા.. એમાંય આ શ્રીસંતને બીજા ક્રિકેટરો તથા વિંદુ જેવા એકટરોએ મેચ ફિકસીંગ કરીને ઢગલો રૂપિયા બનાવ્યાના અહેવાલથી તો મને ઢાંકણીમાં પાણી લઈને બુડી મરવાનું મન થઈ આવે છે...''

અમને રેડ અંકલની આખીય વાત જરા વિચિત્ર લાગી... આ ઉંમરે અંકલને આવા વિચારો આવે છે?

અમે હળવેથી કહ્યું : ''લાલાકાકા, દેશ-દુનિયામાં જે બની રહ્યું છે તે સારૂં તો નથી જ... પણ કૌભાંડ - ભ્રષ્ટાચારના ન્યુઝ વાંચી તમને ય એવું નહીં કર્યાનો અફસોસ થાય છે એ વાત બરાબર ના કહેવાય...''

અંકલ કંઈ બોલ્યા નહીં એટલે કુલકર્ણી બોલ્યા : ''અંકલ, સારી વાતો જાણીને - પોઝિટિવ ન્યૂઝ'' વાંચીને એના વિશે વિચારવું એમાં સાચી સમજદારી છે...'

''બરાબર છે... પણ ભાઈ, ચારેકોર જે વધારે જોવા મળે - સતત સાંભળવા મળે, રોજે રોજ જે ટી.વી. છાપા મારફત બ્રેકીંગ ન્યૂઝ અને મોટી હેડ લાઈન્સ સાથે આપણા દિલ દિમાગનો કપજો લઈ લે તેના જ વિચાર આવે ને!! સારા - પોઝિટિવ ન્યૂઝ તો બિલોરી કાચ લઈનો શોધવા પડે તેવી સ્થિતિ છે... એમાં માણસને સારા જેવા વિચારો ના આવે તો બીજું થાય શું?'' રેડ અંકલ લાલચોળ પ્રશ્ન તરતો મુકી પાછા ''મૌની બાબા'' બની બેઠા અને અમે એમનાં પ્રશ્નનો ઉત્તર શો આપવો એ વાતે ચૂપ થઈ ગયા!!

**મનુભાઈ, કૌભાંડ ને મેચ ફિકસીંગના ન્યુઝ સાંભળીને મને ડિપ્રેશન આવી ગયું છે કે મને આવું ય ના આવડ્યું? ફટ છે મારા જીવતરને!!**

# પી.જી. મેડીકલમાં નીટથી પ્રવેશની જાહેરાત, પણ કાર્યવાહી અનિશ્ચિત

અમદાવાદ, તા. ૨૨

પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે ગુજરાતમાં સ્ટેટ કવોટાની ૪૫૦ બેઠકોના પ્રવેશ માટે એક અલગથી સેન્ટ્રલાઈઝ કમિટી બનાવવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ કમિટી દ્વારા નીટના આધારે જ પ્રવેશ થશે તે પણ જાહરે કરી દેવામાં આવ્યુંછે. પરંતુ પ્રવેશ માટેના ફોર્મ કયારે ભરાશે ફોર્મ કયાંથી ભરાશે. કાર્યવાહી કયારે શરૂ થશે તે અંગે કોઈ નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓએ આ નિર્ણયથી ગુજરાતના વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય તેમ હોવાથી તેનો વિરોધ કરી એક આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડીકલમાં પ્રવેશ માટે નીટ લેવાયા બાદ સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નીટનું પરીણામ જાહરે થયા પછી પ્રવેશ કેવી રીતે આપવો તે અંગે વવિધ યુનિવર્સિટીના કુલપતિઓ અને આરોગ્યમંત્રીની મળેલી બેઠકમાં પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે ગુજરાતની કુલ ૯૦૦ બેઠકોમાંથી ઓલ ઈન્ડિયા કવોટા અલગ કરતા સ્ટેટ કવોટાની ૪૫૦ બેઠકો માટે અલગથી એન્કલાઈઝ પ્રવેશ સમિતિ બનાવી તેના દ્વારા માત્ર નીટના આધારે જ પ્રવેશ આપવાનું નક્કી કરાયું છે. અલગ પ્રવેશ સમિતિ બનાવવાની જાહેરાત થઈ છે. પરંતુ પ્રવેશ કાર્યવાહી કયારથી શરૂ થશે, પ્રવેશ કાર્યવાહી કયાં થશે ફોર્મ ભરવા કયા જવું પડશે, માત્ર અમદાવાદ કે અલગ-અલગ શહેરોમાંથી ફોર્મ ભરી શકાશે પ્રવેશ કાર્યવાહી કયા સુધીમાં પૂર્ણ થશે વગેરે કોઈ માહિતી અંગે જાહેરાત કરવામાં ન આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે.

આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે મેડિકલના વિદ્યાર્થીઓએ અલગ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશના નિર્ણયનો વિરોધ કરતા રજૂઆત કરી કે પહેલા ગુજરાતની કુલ ૯૦૦ બેઠકોમાંથી ઓલ ઈન્ડિયાની ૫૦ ટકા બેઠકોબાદ કરતા સ્ટેટ કવોટાની ૪૫૦ બેઠકો વધતી હતી. આ બેઠકોમાં પણ યુનિવર્સિટી પાસે તેમાંથી ૫૦ ટકા બેઠકો રહેતી હતી આથી ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ફાયદો થતો હતો સૂત્રો મુજબ હવે અલગ પ્રવેશ સમિતિ દ્વારા સ્ટેટ કવોટાની ૪૫૦ બેઠકો માટે કોમન મેરિટ બનાવી પ્રવેશ આપવાનો છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રજુઆત કરી કે એમબીબીએસમાં અમને રાજકોટ, ભાવનગર વગેરે યુનિ.માં એડમિશન મળતુ હતું.

## દિપક એન્ટરટેઈન્મેન્ટ દ્વારા સંજય ફિલ્મ સ્ટુડિયો, ચાંગોદર, અમદાવાદ ખાતે તેમની હિન્દી ફિલ્મ 'પેરેન્ટ્સ'ના શુટીંગનો પ્રારંભ



દિપક એન્ટરટેઈમેન્ટ દ્વારા ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં પોતાના પ્રોજેકટ પૂર્ણ કર્યા બાદ હવે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ફિલ્મ, ટીવી સીરીયલો અને મનો રંજનના અન્ય માધ્યમોમાં પણ પ્રવેશ કરી દીધેલ છે.

દિપક એન્ટરટેઈન્મેન્ટ પોતાની હિન્દી ફિલ્મ 'પેરેન્ટ્સ'ના શુટીંગ માટે સમગ્ર યુનિટ અને કલાકારો સાથે તા. ૧૯-૫-૨૦૧૩ના રોજ અમદાવાદમાં આવ્યા હતાં. આ ફિલ્મના કલાકારોમાં સ્વ. શમ્મીકપૂરના પુત્ર આદિત્યરાજ કપૂર, શ્રાવણી ગોસ્વામી, નીતીન ગ્વાલા, પ્રદીપ મહેન્દ્રુ, સોહેલ ખાન, રવિ સિન્હા, શર્મિલા ગોએન્કા, રશ્મિ રાજાવત, આસિફ અલી, મ્યુઝિક ડાયરેકટર શ્રવણ રાઠોડ (નદીમ શ્રવણવાળા), રાજ આશુ, લાઈન પ્રોડયુસર રાકેશ સબરવાલ અને ફિલ્મ ડાયરેકટર હનીફ છીપા હાજર રહ્યા હતાં.

ફિલ્મનું શુટીંગ સંજય ફિલ્મ સ્ટુડિયો- લક્ષ્મીનારાયણ સીએનજી પેટ્રોલ પમ્પ પાસે, સરખેજ- બાવળા હાઈવે રોડ, ચાંગોદર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આવનાર નવોદિત ગુજરાતી કલાકારોને હિન્દી ફિલ્મોમાં બ્રેક આપી તેમને પોતાની કળા પ્રદર્શિત કરવાની અહીં આ ફિલ્મમાં તક આપવામાં આવી છે. એમ દિપક એન્ટરટેઈનમેન્ટના પાર્ટનર કિશોર આર. જાંગીડ અને એમ. હુસેને જણાવેલ.

અમારી આ 'પેરેન્ટ્સ' હિન્દી ફિલ્મ ઓછા બજેટની હોવા સાથે ટૂંકા સમયમાં પૂર્ણ કરી રજૂ કરવાની ધારણા છે. એમ કિશોરભાઈ જાંગીડ અને એમ. હુસેનએ અંતમાં જણાવ્યું હતું.